Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

ક્ષમા એજ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

## પર્યુષણ વિશેષાંક



### પર્યુષણનું મનન

सामाइकमाइअ सुअनाणं जाव बिंदुसाराओ ।
तस्स हि सारो चरणं, सारो चरणस्स निव्वाणं ॥

સામાયિકથી માંડી ચૌદમાં લોકબિંદુ સાર પૂર્વ સુધી શ્રુતજ્ઞાન છે તેનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો નિર્વાણ છે.

પુસ્તક : ૯૦
અંક : ૧૦-૧૧

શ્રાવણ-ભાદરવો
ઓગષ્ટ-સપ્ટેમ્બર
૧૯૯૩

આત્મ સંવત ૯૭
વીર સંવત ૨૫૧૯
વિક્રમ સંવત ૨૦૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | મહા મંગલમય પર્યુષણ સ્તવન | લે. સ્વ. અમરચંદ માવજી શાહ | ૮૩ |
| (૨) | પર્યુષણનો મંગલ સંદેશ | લે. મુનિશ્રી શીલચંદ્ર વિજયજી મ. | ૮૫ |
| (૩) | સંવત્સરીનો મર્મ | લે. ડૉ. શ્રી. કુમારપાળ દેસાઈ | ૯૩ |
| (૪) | પર્યુષણ પર્વ | લે. ચીનુભાઈ સી. શાહ, | ૯૫ |
| (૫) | જીવદયાપ્રેમી ગીતાબેનને ભાવભરી શ્રદ્ધાંજલી | | ૯૭ |


## આ સભાના નવા આજીવન સભ્યોશ્રી

**(૧) શ્રી કાન્તીલાલ કપુરચંદભાઈ પારેખ–ભાવનગર.**

**(૨) શ્રી અમુલખરાય કપુરચંદભાઇ પારેખ–ભાવનગર.**

**(૩) શ્રી જીતેન્દ્રકુમાર નગીનદાસ શાહ–ભાવનગર.**

**(૪) શ્રીમતિ નિમીતા જીતેન્દ્રકુમાર શાહ–ભાવનગર.**

**(૫) શ્રી ભાવીનકુમાર શરદચન્દ્ર શાહ–ભાવનગર.**

## –: નમ્ર વિનંતિ :–

આત્માનંદ પ્રકાશના દિપોત્સવી અંક માટે પરમ પૂજ્ય ગુરુ ભગવંતો તથા પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબો તથા વિદ્વાન લેખકો સભાસદોને પોતાના લેખો મોકલવા વિનંતી.

જીંદગી એક નાનકડું વર્તુળ હોવા છતાં અજ્ઞાત લાગણીઓના ઘર્ષણમાં અથવા એકની જરૂરીયાત બીજાની જરૂરીયાત સાથે ટકરાતા ક્યારેક તણખા ઝરે છે. દ્વેષમાં તો શું ક્યારેક રાગમાં પણ આગ લાગે છે. આ આગ, બાળે છે. હૈયું, પણ અશ્રુ સારે છે નેત્રો ! અને તે અશ્રુ ડાઘ ધોવામાં ન આવે તો જીવનભર કાયમ રહે છે. આ ડાઘને પક્ષાલવા પાવની ગંગા સમાન ક્ષમાપના નાં નિતર્યાં જળથી પક્ષાલન કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશનો વધારો.

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

# પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૯ના બીજા ભાદરવા વદ ૩ તા. ૩–૧૦–૯૩ રવિવારના રોજ સવારના ૧૦–૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઈ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :–

(૧) તા. ૨૮–૬–'૯૨ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(૨) તા. ૩૧–૩–'૯૩ સુધીના આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ પર મૂકેલ છે.

(૩) તા. ૧–૪–'૯૩ થી તા. ૩૧–૩–'૯૪ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,

તા. ૧૬–૯–'૯૩ — **હિંમતલાલ અનોપચંદ મોતીવાળા**

ભાવનગર. — **કાન્તીલાલ રતીલાલ સલોત**

માનદ મંત્રીઓ

**તા. ક. :–** આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તેજ દિવસે **બંધારણની કલમ ૧૧** અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર **કોરમે** પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્તંત્રી : **શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ** એમ.એ., બી.કોમ, એલ.એલ.બી.


## મહા મંગલમય પર્યુષણ સ્તવન

(રાગ : ગીરૂઆરે ગુણ તુમ તણાં)

મહા મંગલમય પર્યુષણ આવ્યા, પાપ કર્મને તજવા રે,
આતમશુદ્ધિ કરવાને કાજે, ધર્મ ધ્યાનને ભજવા રે.
મહા મંગળ – ટેક....૧

સંસારના સૌ બંધન ત્યાગી. સદ્‌ગુરૂ શરણે જઈએ રે,
દેવાધિદેવની સેવા કરીને, ભવસાગરમાં તરીએ રે.
મહા મંગળ....૨

પરભાવોથી ઉદાસીનતા થકી, દેહની મુર્છા ત્યાગી રે,
સંયમ તપને પંથે વિચરી, આતમના થઈ રાગી રે.
મહા મંગળ....૩

અહિંસાથી અભયના દાન દઈ, મૈત્રી ભાવ વધારી રે,
સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય પાળી, પરિગ્રહ મૂર્છા નિવારી રે.
મહા મંગળ....૪

દર્શનશુદ્ધિ નિશ્ચએ કરીને, દર્શન મોહને વારી રે,
ચારિત્રશુદ્ધિ શુદ્ધ સ્વભાવે, ચારિત્ર મોહને મારી રે.
મહા મંગળ....૫

મન વચન કાયાને સ્થિર કરી, શુદ્ધ આતમ વિકાસ રે,
દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિરતા, પ્રગટે આતમ પ્રકાશ રે.
મહા મંગળ....૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચ ઇન્દ્રિયનાં વિષયને રોકી, રાગ દ્વેષને હરવા રે,
પાંચે પ્રમાદનો જય કરીને, અપ્રમત્ત યોગ ધરવા રે.
મહા મંગળ....૭

ક્રોધ કષાયનો ત્યાગ કરીને, ક્ષમા ધર્મ આચરવા રે,
માન અહંતા ત્યાગ કરીને, નમ્રતા ગુણ ભરવા રે.
મહા મંગળ....૮

માયા જાળનું બંધન તોડી, સરળતાથી વિચરવું રે,
લોભ કષાયનું કાસળ કાઢી, સંતોષમાં નિત્ય વસવું રે.
મહા મંગળ....૯

અઢારે પાપનું પ્રાયશ્ચિત કરવા, પ્રતિક્રમણ નિત્ય કરવા રે,
સકળ જીવને ક્ષમા દઇને, આતમ નિર્મળ કરવા રે.
મહા મંગળ....૧૦

નિર્જરા હેતુ તપ કરીને, પરદ્રવ્યોથી વિરમવું રે,
સંવર હેતુ સામાયિકથી સમતા યોગમાં ઠરવું રે.
મહા મંગળ....૧૧

આઠ દિવસમાં આઠ એ કર્મ, બાળી ખાખ કરવા રે,
આત્મ અષ્ટ ગુણો પ્રગટાવી, શુદ્ધ સ્વભાવ ધરવા રે.
મહા મંગળ....૧૨

દાન શિયળ તપ ભાવના ભાવી, સાર્થક પર્વ તે કરવા રે,
'અમર' આત્મ સ્વરૂપને સાધી, સત્ચિદાનંદ વરવા રે.
મહા મંગળ....૧૩

રચયિતા,
સ્વ. **અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણનો મંગલ સંદેશ

લે. મુનિશ્રી શીલચંદ્રવિજયજી

**મા**નવને મન મળ્યું છે, સારું વિચારવા માટે. જીભ મળી છે, સારું બોલવા માટે, દેહ મળ્યો છે, સારું આચરવા માટે.

માનવજીવનની આ બલિહારી છે.

અને છતાં માનવને સુખ નથી. આ ત્રણે વસ્તુનો દુરૂપયોગ કરીને એણે પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. આપખુદાઈએ મેલું બનેલું એનું મન પોતાના મેલ ધોવા-ઢાંકવા બીજાના દોષ કાદવનો આશરો લે છે. ચોરનો મિત્ર ચોર હોય એમ.

પારકી નિંદા કરી કરીને કર્કશ બનેલી એની જીભ આત્મશ્લાઘાના ગંદા તેલમાં સ્નિગ્ધ થવા મથે છે. જાણે ચોરને શાહુકાર દેખાવું છે.

અકાર્યો આચરીને અશુદ્ધ બનેલો એનો દેહ ધર્માચરણના નામે દંભની લીલા આચરે છે. તળાવની પાળે ઊંચુ માથું રાખીને બેઠેલા બગલાનું માનવદેહે રૂપાંતર.

પરિણામે એનું જીવન પશુજીવનથીએ બદતર બની ગયું છે. હાથના કર્યા એને હૈયે વાગ્યા છે. પોતે ફેલાવેલી-કરોળિયાના જાળાં જેવી-આ જંજાળ એને વસમી થઈ પડી છે. 'સાપે છછુંદર ગળ્યા' જેવી એની દશા છે ન વિહાનું ન ભોકતું, આ જંજાળને એ છોડી શકે તેમ નથી, અને એનો એને હવે ખપ પણ નથી. એ અસહાય બનીને હવે વિચારી રહ્યો છે: રે! હવે શું કરવું?

આવે વખતે અસહાયને સહાય કરવાનું સદાવ્રત ખોલીને બેઠેલા ધર્મગુરુઓ એની વહારે થાય છે. તેઓ એને સમજાવે છે: ભલા! તું મુંઝાય છે શા માટે? ખરાબ કરણી ઘણી કરી એનાં બુરાં ફળપણ અનુભવ્યા. હવે થોડી સારી કરણી કર, ભગવાન મહાવીરે ઉપદેશેલી સાધનાના દિવસો-પર્યુષણા આવ્યાં છે. હવે મનને વશ રાખવાનો પ્રયત્ન કર. મનમાં રાગ-દ્વેષ જેવું અશુભ તત્ત્વ પ્રવેશી ન જાય તેની તકેદારી રાખ. કેમ કે કલેશયુક્ત મન દુઃખની પરંપરા વધારે છે, કલેશમુક્ત મન સુખની.

અને લૂલીબાઈને લગામ બાંધી દે. એ અદક પાંસળીના જોરે ઘણાં ખત્તાં ખાધાં ઘણી પીડા વેઠી. હવે એને કહી દે કે: લૂલીબાઈ! હવે મોજ કરો. આ ખંભાતી તાળામાં પૂરાઈને, આજ સુધી પારકી પટલાઈ ઘણી કરી, હવે પગતળે પરજળતી લાયને જોવાના ને ઠારવાના દિવસો આવ્યા છે.

શરીરને પણ નિયમનમાં મૂક તપ કર. તન-મનના મેલને તપાવે ને ધૂવે એનું નામ તપ. રે માનવ! યાદ રાખ કે સ્વેચ્છાએ મૂકેલું નિયમન બંધન' નથી. આ નિયમન તારાં મનને નિર્મળ બનાવશે તારી આંખને નિર્વિકાર કરશે. તારાં તનને નીરોગિતા આપશે. અને તારાં આત્માને ઉન્નતિ તરફ લઈ જશે.

આત્માના ઉદાત્ત ગુણોની છાયામાં સારી રીતે રહેવું, એનું નામ પર્યુષણા. ભલા માનવ! મન, જીભ ને દેહને વશ કરીને તું એ ઉદાત્ત ગુણોનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામીપ્ય પામી શકીશ. અને એમ થતાં જ તારી અસહાય અવસ્થાનો આપો આપ અંત આવશે.

અસહાય દશાનો અંત આણવા ઉદ્યમ કરીએ.
મન, જીભ, દેહને વશ કરવાનો સંકલ્પ કરીએ.

પર્યુષણાની મહાન સાધના કરવા કટિબદ્ધ બનીએ.

(૨)

માનવીને આજે ક્યાંય ચેન નથી. એને સુખનો સંતોષ નથી. ને એના દુઃખનો અંત નથી.

સમગ્ર સંસાર એને મતલબી ભાસે છે, ચોગરદમ ફેલાયેલી સ્વાર્થની બદબો એના દિલને પરેશાન કરે છે. એ જ્યાં સુખની આશાએ દોટ મૂકે છે, ત્યાં એને ઘોર નિરાશાની ભેટ મળે છે.

અને–એનો અજંપો વધી જાય છે. હતાશાની ભીંત એની શાન્તિની વચ્ચે અવરોધ બનીને ખડી થાય છે. પરિણામે–એ ભારે મુંઝવણમાં મૂકાય છે. સાચી શાન્તિ ક્યા મળે? આ પ્રાણ પ્રશ્ન એને ગુંગળાવી મૂકે છે અને 'શાન્તિની શોધ' એ એનું–માનવમાત્રનું અનિવાર્ય કાર્ય બની જાય છે.

આ પ્રાણપ્રશ્નનો જવાબ છે; સામાયિક, ભગવાન મહાવીરે ચીંધેલો સામાયિકનો સાત્ત્વિક માર્ગ માનવને શાન્તિના સાંનિધ્યમાં જરૂર લઈ જઇ શકે.

સામાયિક એટલે સમતાની સાધના. સામાયિક એટલે મમતાનુ મારણ. મનમાં મમતા ભરીને તનવડે સમતાનો ડોળ કરનારનું સામાયિક માયાનો દંભનો એક ઉમદા પ્રકાર છે.

મનથી અસત્ય ચિંતવવું નહિ. વચનથી અસત્ય બોલવું નહિ, ને શરીરથી અસત્ પ્રવૃત્તિનો ત્યાગ કરવો :–સામાયિકની આ ત્રણ પ્રાથમિક શરતો છે, મન–વચન–કાયાને શુભ પ્રવૃત્તિમાં યોજવા, એ સામયિકનું મુખ્ય ધ્યેય છે.

સવાલ એ થાય છે કે આ શક્ય કેમ બને? જીવ જંજાળી છે. સંસારની સેંકડો જળોજથામાં એ ગળાબૂડ છે. એમાં એ સમતા કેમ રાખી શકે?

સંતો કહે છે કે: ભાઈ! એના પણ રસ્તા છે. માતેલા સાંઢને ગળે લાકડું ભેરવ્યું હોય, ને પગે દોરડુ બાંધ્યું હોય તો ય એ લંગડાતે પગે ચાલીને થોડું થોડું ચરી લે છે. એમ સંસારની માયામાં રાચ્યો પાચ્યો જીવ પણ પર્યુષણા જેવા પવિત્ર દિવસે ધર્મસ્થાનોમાં જઇને ઘડી બે ઘડીની સમત્વ સાધના 'ધારે તો' કરી શકે છે.

કેટલાંક માને છે કે 'મન ચંગા તો કથરોટ મેં ગંગા,' ઘરે બેઠાં આ શા માટે ન થાય? એમને જરા પૂછવું છે કે–ભલા? વ્યાપાર વણજ ઘેર બેઠાં કાં નથી કરતાં! બજારમાં પેઢીએ કે દુકાને શા માટે જવું જોઇએ? કહો કે–ત્યાંનું વાતાવરણ જ નિરાળું હોય છે. ત્યાં જઇએ તો જ વ્યાપારની સૂઝ પડે. તો જ ચિત્ત એમાં પરોવાય.

આ જ એમના પ્રશ્નનો પણ જવાબ છે. રે! મનને પવિત્ર કરવા માટે વાતાવરણ શુભ શુદ્ધ નહિ જોઇએ? જેવું વાતાવરણ તેવી ભાવના. ધર્મસ્થાનનું વાતાવરણ પાવિત્ર્યસભર છે, તો ત્યાં ગયેલો જંજાળી જીવ પણ અવશ્ય સમત્વ-સાધના કરી શકવાનો.

ઘડી–બે ઘડી કરેલી એ સમત્વની સાધનાએ એ જંજાળી જીવનો અજંપો હળવો બને છે. શાન્તિ એને સુલભ બને છે. દુઃખનો ભાર ઓછો થાય છે ને સુખનો પ્રકર્ષ થાય છે.

પર્યુષણાપર્વના બીજા દિવસે સમત્વની સાધના કરવા પ્રયત્ન કરીએ.

(૩)

ચોમાસું બેઠું ને વરસાદ શરૂ થયો, પર્વ આવ્યું ને આરાધના આરંભાઇ.

મેઘરાજા વરસ્યાં ને ધરતી હસી ઉઠી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આરાધના થઇ, ને મન-મોરલાએ શાંન્તિની મસ્તી અનુભવી.

પર્વનો મહિમા અજબ છે. પર્વના પ્રભાવે-નિર્દય હૈયામાં દયાના ભાવ જાગે. કંજુસ પણ દાન કરવા પ્રેરાય. અને ભલભલાં ખાઉધરા જીવને ય તપ કરવાનું મન થાય.

પર્વની આરાધનાના અનેક પ્રકાર છે. કોઈ તનથી આરાધના કરે. કોઇ મનથી કરે. કોઈ ધનથી કરે. જેવી જેની ભાવના એવી એની આરાધના.

સ્વસ્થ નીરોગી શરીરવાળાં જીવો તપ કરે છે. કોઇ આઠ ઉપવાસ, કોઈ પંદર ઉપવાસ, તો કોઇ મહિનાના ઉપવાસ કરે છે. બાહ્ય દૃષ્ટિએ ઉકાળેલાં પાણી સિવાયની તમામ ખાદ્ય-પેય વસ્તુઓનો, અને અભ્યંતર દૃષ્ટિએ હૈયાંની મલિન વૃત્તિઓનો ત્યાગ એનું નામ તપ.

કેટલાંક 'મન'થી પર્વની આરાધના કરે છે. તેઓ નિશ્ચય કરે છે કે 'વધુ નહિ તો આ પર્વના દિવસોમાં તો મનને ઠેકાણે રાખીશું'. એ ક્રોધી હશે તો સમભાવ કેળવાશે. ભૂલમાંય ક્યાંય ગુસ્સો ન થઈ જાય તેની ચીવટ રાખશે. અભિમાની હશે તો નમ્ર બનવા મહેનત કરશે. કપટી હશે તો સરળ બનશે. આઠ દિવસ દરમિયાન કોઇને છેતરવાની વૃત્તિ મનમાં ન પેસે તેની કાળજી કરશે, અને લોભી હશે તો સંતોષી બનશે. રે! બીજા દિવસોએ કરેલાં પાપ ધોવાના દિવસોને 'પર્વ' કહેવાય છે. પર્વના દિવસે પાપ કરશે, તો એ કેમ છૂટશે? યાદ રહે કે 'પર્વ દિને કરેલું પાપ વજ્રલેપ' બને છે.

કેટલાંક એવાં પણ છે, જે તનથી તપ કરી શકતાં નથી. અને વધુ જંજાળને કારણે મનની સ્થિરતા પણ એ સાધી શકતા નથી. એ લોકો 'ધન'થી પર્વ આરાધે છે એની પાસે ધન છે. વગ છે. શક્તિ છે. એના વડે એ 'અમારિપ્રવર્તન' કરાવે છે. કતલખાના જેવાં મહાન પાપસ્થાનકોને એ 'પર્વ' પૂરતાં બંધ કરાવે છે. પર્વમાં કરવાનું આ એક શ્રેષ્ઠ કર્તવ્ય છે. અબોલ પ્રાણીઓને અભયદાન મળે, એથી ઉત્તમ બીજું કયું કાર્ય હોય ભલા?

એ સાધર્મિક ભક્તિ પણ કરે છે. સાધર્મિક એટલે સમાન ધર્મી, ગા વાળે તે ગોવાળ, એમ ધર્મ કરે તે સાધર્મિક. એમાં મારા-તારાંના ભેદને સ્થાન નથી. ગરીબ-તવંગરનું એમાં આંતરું નથી. એ સાધર્મિકને દરેક પ્રકારે સહાય કરવી, એનું નામ સાધર્મિકભક્તિ. આ પણ ધનસાધ્ય કાર્ય છે.

આવાં બીજાં પણ સત્કાર્યો એ કરે છે, ને એ રીતે પર્વની આરાધના કરે છે. રે! પર્વ તો નદી છે. પુણ્યનાં મીઠાં પાણીનો અસ્ખલિત પ્રવાહ એમાં વહ્યો જાય છે. જેની જેવી તાકાત, એટલું પાણી એ લે. ઘડાવાળો ઘડો ભરે, ને પ્યાલાવાળો પ્યાલો ભરે. લેનાર લેતાં થાકે, પણ નદી આપતાં નહિ થાકે.

ખરાં ભાવથી પર્વ આરાધના કરનારો જીવ 'હળવો' બને છે.

બૂરાં ભાવથી-દંભથી આરાધના કરનારો જીવ ભારે બને છે.

આત્માની ઉપાસનાના ત્રીજા દિવસે 'હળવા' બનવાનો નિર્ધાર કરીએ.

(૪)

પર્યુષણા એટલે પુણ્યનું પોષણ

પર્યુષણા એટલે પાપનું શોષણ

જે દિવસોમાં કરેલાં કર્તવ્યો પુણ્યને પોષે ને પાપને શોષે, એ દિવસોનું નામ પર્યુષણા આ કર્તવ્યોમાંનું એક પરમ કર્તવ્ય છે: કલ્પ-સૂત્રનું વાંચન અને શ્રવણ.

કલ્પસૂત્ર એ જૈનોનું પૂજ્ય-માન્ય આગમ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્ર છે. જેમ હિન્દુધર્મમાં ગીતા, અને ઇસ્લામમાં કુરાન, તેમ જૈન ધર્મમાં કલ્પસૂત્ર. જૈનો એને હૈયાની હોંશથી પૂજે છે. પૂરી શ્રદ્ધાથી સાંભળે છે. કારણ–એમાં ચોવીશ તીર્થંકરોના ચારિત્રો છે. તેમાં યે ખાસ કરીને ભગવાન મહાવીરના જીવનનું એમાં વિશિષ્ઠ દર્શન છે. એમના લોકોત્તર ગુણોનું એમાં મીઠું સ્મરણ છે, વ્હાલાનાં દર્શન કરતાં ય એના જીવનનું સ્મરણ–શ્રમણ ભાવિક હૈયાને વધુ આહલાદ આપે છે. સાચાં ભક્તને પ્રિયજનના ગુણકીર્તન પ્રિયજન જેવાં જ મીઠાં લાગે છે.

દેવ કરતાં યકીન મોટી ચીજ છે, એમાં પણ બુદ્ધિની સંગત મળે, તો ઓર રંગત જામે છે. જૈનો કલ્પસૂત્રનું શ્રવણ તર્કસંગત શ્રદ્ધાથી કરે છે. એમની વિવેક બુદ્ધિ એમને સમજાવે છે: 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ.' જેવો માણસ હોય એવી તેના બોલની કિંમત અંકાય. આ કલ્પસૂત્ર એ શાસ્ત્ર છે. એના પ્રણેતા છે–યુગપ્રધાન આચાર્ય ભદ્રબાહુસ્વામી. એમનું રચેલું શાસ્ત્ર અસત્ય હોઈ શકે નહિ એમના વચન પર અશ્રદ્ધા રાખવી, એ પોતાની જાત પર અવિશ્વાસ રાખવા બરાબર છે.'

અને શ્રદ્ધા તો માનવમાત્રનું જીવનતત્ત્વ છે. સફળતા મેળવવાનું પ્રબળ સાધન છે. આવી શ્રદ્ધા ધરાવનારા જૈનો કલ્પસૂત્ર દત્તચિત્તે સાંભળે છે. એના ઉપદેશને જીવનસાત્ કરવાનો ઉદ્યમ કરે છે. શાસ્ત્રો કહે છે! એકાગ્રચિત્તે, પૂરી શ્રદ્ધાથી કલ્પસૂત્રનું એકવીસ વાર શ્રવણ કરનાર જીવ પરમપદ મેળવવાને લાયક બને છે. એનું જીવન ઊર્ધ્વગામી બને છે.

આજે ઉપાશ્રયે જનસમૂહથી ઉભરાશે. ભાવિકો કલ્પસૂત્રની પૂજા કરશે. ગુરુજનના આશીર્વાદ લેશે પછી ધર્મગુરુઓ કલ્પસૂત્રના વાચનનો મંગલ પ્રારંભ કરશે. જૈન મુનિઓના આચારનું વર્ણન એમાં આવશે. અને તે પછી ભગવાન મહાવીરનું ચરિત્ર કહેવાશે.

ભગવાન મહાવીરનું જીવન અદ્‌ભુત છે. રોમાંચક છે. સારી–માઠી કરણીના સારાં–માઠાં ફળોનું એકત્રીકરણ એટલે મહાવીરસ્વામીનું જીવન, ઘણી સારી કરણીના પ્રતાપે એ તીર્થંકર તો થયાં, પણ એ સાથે થઇ ગયેલી થોડીક માઠી કરણીના પરિણામોથી એ 'તીર્થંકર મહાવીર' પણ બાકાત નથી રહ્યાં કર્મના કાયદામાં નાના મોટાની જુદી વ્યાખ્યા નથી. રાય રંકની જુદી સજા નથી. ત્યાં તો 'કરે તેવું પામે'ને 'કરે તે પામે,' આ એ જ શાશ્વત–અટલ નિયમો છે. આ નિયમોના રોમહર્ષક અમલના પ્રસંગો ભગવાન મહાવીરના જીવનમાં વારંવાર આવે છે, આ પ્રસંગોનું રસમય વર્ણન કલ્પસૂત્રના માધ્યમે સાંભળીને જનસમૂહ આનંદ સમાધિમાં લીન બનશે. ઉદાત્ત પ્રેરણાનું અમૃત પીશે.

આપણને પણ એ મહાપુરુષના જીવનની પ્રેરણાનું અમૃત પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ.

(૫)

વિદેહદેશનું ક્ષત્રિયકુંડ નગર છે. ધર્મપરાયણ સિદ્ધાર્થ રાજા છે. શીલગુણસંપન્ન દેવી ત્રિશલા એનાં રાણી છે.

રાજા રાણી બંને સુખી છે. એમનો જીવનરથ નિર્વિઘ્ન રીતે અવિરત ચાલ્યો જાય છે.

એક ધન્ય દિવસની વાત છે. દેવી ત્રિશલા દેવદુર્લભ શયનખંડમાં પોઢયાં હતાં. વાતાવરણ પવિત્ર અને પ્રસન્ન હતું. મધ્યરાત્રિનો સમય હતો. એ વખતે ત્રિશલાએ ચૌદ મંગલ સ્વપ્નો જોયા. સ્વપ્નદર્શન થતાં જ એ જાગી ગયાં. સ્વપ્નોનું સ્મરણ કરી તેઓ અનિર્વચનીય આનંદ અનુભવી રહ્યા. તેમણે રાજા સિદ્ધાર્થ પાસે જઇને વાત કરી. રાજા પણ આનંદ્યા. બંનેએ શેષ રાત્રિ ધર્મધ્યાનમાં પસાર કરી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સવાર પડી, નિત્યકાર્યથી પરવારીને રાજાએ રાજસભા ભરી. સ્વપ્નશાસ્ત્રીઓને બોલાવ્યા. એમનું ઉચિત સન્માન કરીને સ્વપ્નોનાં ફળ પૂછ્યાં. અરસપરસ વિચારોની આપલે કર્યા પછી સ્વપ્નવેત્તાઓએ કહ્યું : રાજન્ ! તમે પરમ ભાગ્યવંત છો. દેવીએ જોયેલાં સ્વપ્નો અદ્ભુત છે એનું ફળ પણ એવું જ અદ્ભુત છે. રાજા સિદ્ધાર્થ ! તમને ધન-ધાન્ય-રાજ્ય-સમૃદ્ધિ-કીર્તિ વગેરે દુન્યવી ચીજોના વિપુલ લાભ સાથે એક મહાન પુત્રરત્નનો લાભ થશે. એ પુત્રરત્ન કાં તો ચક્રવર્તી રાજા થશે, કાં તો ધર્મચક્રવર્તી તીર્થંકર. જય હો જ્ઞાતકુલનો.

આ સાંભળી રાજા-રાણી પુલકિત બન્યાં. સ્વપ્નશાસ્ત્રીઓને બહુમાનપૂર્વક અખૂટ દક્ષિણા આપી વિદાય કર્યા.

રાણી ત્રિશલાને દિવસો રહ્યાં છે. છતાં શરીરમાં થાક કે ખિન્નતા નથી. નિત્ય નવી જ સ્ફુર્તિનો અનુભવ થાય છે. તેઓ વિચારે છે કે; રે ! આપણાં કુલ-આંગણે આવેલાં પનોતાં આત્માનો જ આ પ્રભાવ હશે ને ! અને એમનો આનંદ સાગર હિલોળાં લેવા માંડે છે.

બીજી તરફ-ગર્ભમાં રહેલો જ્ઞાની જીવ વિચારે છે : મારાં હલનચલનથી માતાને પરિપાત થતો હશે માટે મારે હલચલ ન કરવી જોઇએ. આ વિચારને તેમણે તત્કાળ અમલમાં મૂક્યો. પણ એથી તો ભારે અનર્થ સર્જાયો. માતા ત્રિશલા માની બેઠાં કે 'મારા ગર્ભનું અનિષ્ઠ થઇ ગયું. એ કાં તો ગળી ગયો, કાં તો મરી ગયો.' અને એ શોકાકુલ થઈ ગયાં. એમની આંખો આંસુઓનો મેઘ વરસાવી રહી. સમગ્ર રાજકુળ ને પ્રજા પણ શોકાર્ત્ત બન્યાં. આનંદ ગાન બંધ થયાં. વાતાવરણમાં સ્મશાનની શાંતિ પથરાઈ.

આનંદ ગાન બંધ થયાં જોઇને પેલાં જ્ઞાની જીવને થયું : અરે ! ઘડી પહેલાંનો આનંદ કલ્લોલ એકાએક કેમ અટકી ગયો ? તરત એમણે જ્ઞાન દૃષ્ટિનો ઉપયોગ કર્યો. તો પરિસ્થિતિ ભારે વણસી ગઈ લાગી. એમના મનમાં થયું : રે ! હળાહળ કળિકાળના આ અગમ એંધાણ છે. મેં માતાના સુખ માટે કર્યું - એ એમને દુઃખદાયક નીવડ્યું. હવે લાગે છે કે ગુણ પણ અવગુણ લાગશે. ને ઉપકારીની ગણના અપકારીમાં થશે.

અને-એક ઊંડો નિઃશ્વાસ નાખીને માતૃભક્તિપ્રેર્યા એ જ્ઞાની જીવે પોતાનું અંગ સ્હેજ હલાવ્યું. એમનું અંગ હલ્યુ કે ત્રિશલમાતા હરખી ઊઠ્યાં. એમનું મ્લાન મુખ પાછું હસી રહ્યું. પોતાની ઉતાવળ માટે એમને પસ્તાવો થયો. ગર્ભની કુશળતાના સમાચાર એમણે સૌને જણાવ્યાં, ને આનંદ ગાન બમણા ઉત્સાહથી શરૂ થઈ ગયા.

આ પછી પૂરે માસે, ચૈત્ર શુદ તેરશની મધ્યરાત્રિએ દેવી ત્રિશલાએ પનોતા પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્રરત્ન એ જ ભગવાન મહાવીર. દેવ-દાનવ-માનવોએ એમનો જન્મોત્સવ કર્યો, આ મહામાંગલિક પ્રસંગનું બયાન આજે કલ્પસૂત્રના પ્રવચનમાં વર્ણવાશે. એકે એક જૈન એ હોંશે હોંશે સાંભળશે ને આજના દિવસને ભગવાનના જન્મ દિવસની જેમ ઉજવશે.

રે ! વ્હાલાના જીવન પ્રસંગનું શ્રવણ પણ ભક્તના પાપ-સંતાપનો અવશ્ય નાશ કરે છે.

(૬)

'અભિમાનનાં ફળ મીઠાં પણ હોય છે' એ વાતનો 'જૂની આંખે નવું જોવા' જેવો અનુભવ એ દહાડે ઇન્દ્રભૂતિ ગૌતમે લોકોને કરાવ્યો.

વાત આમ બની: ભગવાન મહાવીર કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પાવાપુરીના આંગણે પધાર્યા હતાં. દેવોએ એમની નિરૂપમ ધર્મસભા રચી હતી. એમાં બેસીને ભગવાન ધર્મદેશના સંભળાવી રહ્યાં હતાં. એ સાંભળવા નગરના સેંકડો લોકો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જમીન માર્ગે, અને અસંખ્ય દેવો આકાશ માર્ગે ત્વરિતગતિએ જઈ રહ્યાં હતાં.

આની જાણ આચાર્ય ઇન્દ્રભૂતિ ગૌતમને થઇ. તેઓ એ જ નગરીમાં થઈ રહેલા એક મહા-યજ્ઞમાં ભાગ લેવા પોતાના શિષ્યગણ સાથે આવ્યા હતાં. સાથે બીજા દશ આચાર્યો પણ સપરિવાર હતાં. આ અગ્યારે ય આચાર્યો દિગ્ગજ વિદ્વાન હતાં તેમાં યે ઇન્દ્રભૂતિ તો અદ્વિતીય શાસ્ત્રસર્વજ્ઞ તરીકે સુખ્યાત હતાં. એક દેશ એવો નહોતો જ્યાં એમની ખ્યાતિ પહોંચી ન હોય. એક વિદ્વાન એવો નહોતો, જે એમના નામથી ધ્રુજતો ન હોય. આવા એ ઇન્દ્રભૂતિને કાને આ વાત આવી કે ગામ બહાર એક સર્વજ્ઞ આવ્યા છે. એમની પાસે આ બધાં જાય છે.

આચાર્ય ઇન્દ્રભૂતિ છળી ઊઠયાં. એમના 'અહં'ને આ વાતથી જાણે જબ્બર ધક્કો લાગ્યો. એમને થયું : રે ! એક મ્યાનમાં બે તલવાર હોય ખરી ? એમ–એક ગામમાં એકી વખતે બે સર્વજ્ઞનું અસ્તિત્વ સંભવે ખરૂં ? કદી નહિ. અરે, આ કોઇ ધૂર્તશિરોમણિ ઇન્દ્રજાળિયો આવ્યો લાગે છે, એ બધાંને છેતરી રહ્યો છે.

અને એમનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. એ ઊભાં થઈ ગયાં, ને આ નવા ધૃર્તની સાથે વાદવિવાદ કરી, એને મ્હાત કરી, ઊભી પૂંછડીએ ભગાડી મૂકવાના દૃઢ નિર્ધાર સાથે તેઓ ચાલી નીકળ્યા. સાથે ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. આ ધૃત કેવો હશે ? એને પરાસ્ત કેમ કરવો ? એ વિચારમાં રસ્તો ક્યારે કપાઈ ગયો તેનુ પણ એમને ધ્યાન ન રહ્યું. તેઓ તો ભગવાનની ધર્મ-સભામાં આવી પહોંચ્યા. ત્યાં ભગવાનને સિંહાસને બેઠેલાં જોયાં કે ઠરી ગયા ધરતી પગ તળેથી ખસતી હોય એવો પળભર એમને ભાસ થયો. એકા એક એમના મનમાં થઈ આવ્યું : હું અહીં ન આવ્યો હોત તો કેવું સારું થાત ! આ તો મેં દીવો લઇને કુવામાં પડવા જેવું કર્યું. હવે આની સામે કેમ બોલાશે ? શિવ શિવ શિવ. હવે તો ભોળા શંભુ જ બચાવે.

આ વિચારમાં તેઓ અટવાતાં હતાં. ત્યાં જ રૂપેરી ઘંટડી જેવો ભગવાનનો અવાજ આવ્યો : આવો, ગૌતમ ઇન્દ્રભૂતિ ! આવો. તમે ભલા આવ્યાં, હું તમારી જ રાહ જોતો હતો.

આ સાંભળીને ઠંડાગાર થઈ ગયાં. એમને થયું : અરે ! આ તો મને વર્ષોથી ઓળખતો હોય એમ વર્તે છે મારું નામ પણ જાણે છે. ગજબ લાગે છે આ માણસ.

પણ વળતી પળે જ આ વિચારને એમણે ખંખેરી નાખ્યો. એમને થયું : અરે ! મારું નામ કોણ નથી જાણતુ ? ભલા, સુર્યને કોણ ન ઓળખે ? હા, મારા મનથી ગૂઢ વાત કહે તો માનું. પણ આ વિચાર પૂરો થાય, તે પહેલાં તો ભગવાનનો મીઠડો સ્વર સંભળાયો : 'હે ગૌતમ ! જગતમાં આત્માનું અસ્તિત્વ છે કે નહીં, આવી શંકા તમને છે, ખરું ? અને એ શંકા તમને વેદવાકયથી થઇ છે. ખરું ? પણ ભાઇ ! જરા ઊંડો વિચાર કરો. વેદના જે વાકયથી તમને શંકા થઇ છે, તે જ વેદવાકય આત્માનું અસ્તિત્વ સાબિત કરે છે. એ સ્યાદ્વાદના દૃષ્ટિકોણથી વિચારશો તો તમારી શંકા આપોઆપ નિર્મૂળ થઈ જશે.' આમ કહી ભગવાને એ વેદવાક્યના રહસ્યમય અર્થનું ઉદ્‌ઘાટન કર્યું. એ સાંભળીને ઇન્દ્રભૂતિ આશ્ચર્ય ચકિત બની ગયા. એમને પોતાની ભૂલ સમજાઇ. એમનું 'અહં' ઓગળી ગયું. પ્રભુચરણે એ ઝુકી પડયા. ભગવાનનું એમણે શરણું લીધું. ભગવાને એમને દીક્ષા આપી પોતાના કર્યા, ગણધર બનાવ્યાં.

આ પછી બાકીના દશ આચાર્યો પણ ક્રમશઃ આવ્યાં. એમને પણ ભગવાને નિસંદેહ બનાવી, દીક્ષા આપીને ગણધર બનાવ્યાં.



For Private And Personal Use Only

આ અગિયાર મહાન બ્રાહ્મણાચાર્યો સાથેની ચર્ચા ખૂબ રસપદ છે. એમાં ભરપૂર તત્ત્વજ્ઞાન ભર્યું છે. એ ચર્ચાનો વિસ્તાર 'ગણધરવાદ' નામે સુપરિચિત છે.

કલ્પસૂત્રના વાચનમાં આજે આ 'ગણધરવાદ' આવશે. એ સાંભળીને તત્ત્વજ્ઞાનના રસિયા તૃપ્ત બનશે.

(૭)

ભગવાન મહાવીરના જીવનકાર્યોમાં બે મુખ્ય હતાં : ૧. માનવજીવનના આધ્યાત્મિક મૂલ્યોનું પ્રસ્થાપન. અને ૨. એ મૂલ્યોના પ્રવાહને અવિચ્છિન્ન રાખનાર એક ઉજ્જવલ પરંપરાની સ્થાપના

એમણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અનેકાંતના મહાન આદર્શો જગત સમક્ષ રજુ કર્યા, રજુ કરવાની એમની રીત આગવી હતી. સર્વ પ્રથમ એ આદર્શોને એમણે પોતાના જીવનમાં ઉતાર્યા. એક પણ અપવાદ વિના એ આદર્શોનું સંપૂર્ણ આચરણ કર્યું. એ દ્વારા પોતાના આત્માને સો ટચના સોના જેવો નિર્દોષ અને વિશુદ્ધ બનાવ્યો. આત્માના શુદ્ધ-પૂર્ણ સ્વરૂપને પામ્યા. અને એ પછી જ એ અનુભૂત આદર્શોને વિશ્વના ચોકમાં જાહેર કર્યા. ખરેખર જ, મહાપુરુષો જે કરે છે એ જ કહે છે, રે એ જ એમની મહાનતા નથી?

ભગવાને પ્રસ્થાપિત કરેલાં આ આધ્યાત્મિક મૂલ્યો આજે ૨૫૦૦ વર્ષ પછી પણ એવાં જ અક્ષત અને સનાતન સત્ય સ્વરૂપ છે. એ મૂલ્યોને આજના યુગ સુધી અક્ષત સ્થિતિમાં જાળવી રાખવાનો યશ ઘટે છે-ભગવાને સ્થાપેલી ઉજ્જવલ શ્રમણ પરંપરાને. ન જાણે એ શ્રમણો ન હોત, તો આ યુગ કેવી ઘોર દુર્દશા અનુભવતો હોત!

ભગવાન મહાવીરના આ બે જીવનકાર્યોનું ગુંફન કલ્પસૂત્રમાં સુઘડ રીતે કરાયું છે. એક કવિ કલ્પસૂત્રને કલ્પવૃક્ષ સાથે સરખાવે છે. વૃક્ષની જેમ આ સૂત્રમાં પણ મહાવીર ચરિત્ર 'બીજ' છે. પાર્શ્વનાથ ચરિત્ર 'અંકુર' છે નેમિનાથનું ચરિત્ર 'થડ' છે. આદિનાથનું ચરિત્ર 'ડાળી' છે. અને સ્થવિરાવલી-શ્રમણોની પરંપરાનું વર્ણન 'ફુલમાળ' છે.

આજે આ સદાપ્રફુલ્લ ફુલમાળાની મીઠી સોડમ માણવાની છે. હજાર હજાર પાંખડીવાળા એના ફુલોની ત્યાગ-કથા આજે સાંભળવાની છે.

એમાં સૌથી પહેલાં આવશે અનંતલબ્ધિના નિધાન ગણધર ગૌતમસ્વામી વીતરાગ તરફનો રાગ કેવો અખંડ અને અનન્ય હોય, એની પ્રેરણા એમના જીવનમાંથી મળે છે. બીજા દશ ગણધરોનું પણ વર્ણન થશે એ પછી આવશે. આ કાળના છેલ્લાં કેવળજ્ઞાની જંબૂસ્વામી, ચોરી કરવા આવેલાં પાંચસો ચોરોનાં હૈયા જ એમણે ચોરી લીધાં કવિ કહે છે એમના જેવો 'કોટવાળ' થયો નથી.

આ પછી તો મહાન શ્રુતધર પુરુષોની શ્રેણી આવશે. પ્રભસ્વામી, શય્યંભવસૂરિ, સંભૂતિવિજયજી, ભદ્રબાહુ સ્વામી અને છેલ્લાં પૂર્ણ શ્રુતધર સ્થૂળભદ્ર, એક એક આચાર્યનું જીવન ત્યાગની અદ્દભુત રસલ્હાણ કરશે. જ્ઞાનનો અવિનાશી મહિમા-ગાથા ગાતું જશે.

આ પછીનો ક્રમ ઘણો લાંબો છતાં એટલો જ રસમય હશે. એમાં આર્ય મહાગિરિ, આર્ય સુહસ્તી, આર્ય વજ્રસ્વામી વગેરે મહાજ્ઞાની-મહાત્યાગી શ્રમણ-પુષ્પો ગુંથાશે. છેક છેલ્લે આવશે વીર સંવત્ ૯૮૦ માં જૈન સિદ્ધાન્તને પુસ્તકસ્થ કરનાર યુગપ્રધાન-મહાપુરુષ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ, સૌરાષ્ટ્રના વલભીપુરને એમના અમર નામ અને કામ સાથે જોડાવાનું સૌભાગ્ય સાંપડયું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરના આદર્શોને અવિચ્છિન્ન રાખનાર આ ત્યાગી નિર્ગ્રંથ પરંપરાનું ગૌરવભેર સ્મરણ કરી પાવન થઇએ.

(૮)

"ક્ષમા માંગું બધાં પાસે, ક્ષમા આપો બધાં મને, ક્ષમા આપું બધાંને હું, કોઇથી વેર ના મને"

પર્યુષણાપર્વનો આજે આઠમો દિવસ છે.

સાત દિવસ સુધી વિચારેલું આજે આચરવાનું છે.

સાત દિવસ સુધી જે સાંભળ્યું આજે અમલમાં મૂકવાનું છે.

જીવ પ્રમાદી છે. જાણ્યે–અજાણ્યે એણે કોઇનું મન દુભવ્યું હશે. મને–કમને એનાથી કોઇને કટુવચનો કહેવાયા હશે, ઇચ્છા–અનિચ્છાએ એણે કોઇને ત્રાસ–પરિતાપ આપ્યાં હશે. ક્યારેક ગુસ્સો ને ક્યારેક અભિમાન, ક્યારેક છળકપટ ને ક્યારેક અસંતોષ, આવાં અનેક અપરાધો એણે આચર્યાં હશે. એ અપરાધોનાં મેલથી ખરડાયેલા એના આત્માને નિર્મળ બનાવવાનું આજે મહાપર્વ છે. વર્ષભરમાં કરેલાં એ અપરાધોનાં ડાઘોને વીણી વીણીને–શોધી શોધીને આજે ધોવાનાં છે.

અપરાધોની લેણાદેણીના હિસાબમાં જરા પણ ભૂલ રહેવા ન પામે, એની આજે કાળજી રાખવાની છે **'મિચ્છામિ દુક્કડં'** દઇને દેવું ભરપાઇ કરવાનું છે, **'મિચ્છામિ દુક્કડં'** લઇને લેણું જમા કરવાનું છે.

**'મિચ્છામિ દુક્કડં'** એ મૈત્રીનો મહામંત્ર છે. અપરાધી જીવ અપરાધમુક્ત બન્યાની એ નિશાની છે ફરી ક્યારેય કોઇનો અપરાધ ન કરવાનો એ કોલ છે. પારસ્પરિક દ્વેષ ભાવની શાન્તિ,–એનું હાર્દ છે.

ભગવાન મહાવીર કહે છે: ક્રોધ ન કરો. ક્રોધ તો અગ્નિ છે. એ બળશે ને બાળશે. એનો નાશ 'ક્ષમા'થી કરો. ક્ષમા આપવી એ વીરતા છે, કાયરતા નહિ. ખરો કાયર તો ક્રોધી છે. એનો ક્રોધ કાયરતામાંથી પ્રગટે છે, ને એની કાયરતા ક્રોધમાંથી જન્મે છે. સાચો વીર ક્રોધ ન કરે એ તો ક્ષમા જ ધારણ કરે. રે! 'ક્ષમા વીરસ્ય ભૂષણ'

જે ક્ષમા કરશે, તેના ચિત્તમાં અણકલ્પી પ્રસન્નતા લહેરાશે. આજ સુધી બોઝિલ રહીને થાકેલાં એના દિલને ભારમુક્તિને અનેરો આનંદ લાધશે. એ આનંદસાગરમાં મસ્ત બનેલો જીવ જગતમાં જંતુમાત્રને મિત્ર માનશે. કોઇ એનો શત્રુ નહિ રહે અને શત્રુ ન હોય એને ભય શો હોય? એ સાચી નિર્ભયતા પ્રાપ્ત કરશે. અને એ નિર્ભયતાનો અમૃત મીઠો આસ્વાદ એને મોક્ષ ભણી દોરી જશે.

ખમનાર ને ખમાવનારની આરાધના સફળ છે.

ન ખમનારને ન ખમાવનારની આરાધના બ્યફળ છે.

આપણી આરાધના સફળ બનાવવા કૃતનિશ્ચયી બનીએ.






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 સંવત્સરીનો મર્મ 卐

લેખક : ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ

પર્યુષણ પર્વની આરાધનાના દિવસોમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલા મદ, માન, મોહને ભલે ખોઈ નાખીએ પણ લાખેણા આત્માને શોધીએ. આમેય પર્યુષણ એ આત્માને શોધવાનું પર્વ છે ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે. વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પર્વ ઊગ્યું છે. દીપાવલીના પર્વે નફા તોટાનો હિસાબ કરવામાં આવે. સંવત્સરી પર્વનો અર્થ છે વાર્ષિક પર્વ. આ દિવસે વર્ષભરના સારા નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટા કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.



આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીઓનું એક દૃષ્ટાન્ત આવે છે. ત્રણ વેપારીઓ સરખી મૂડી લઈને વેપાર કરવા નીકળ્યા હતા. દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો, બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકશાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ મૂળગી રકમ જ ખોઈને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના સર્વ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્યજીવનમાં સદાચાર, શીલને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો મનુષ્યત્વ પણ ખોઈ નાખે છે, ને અનાચારી ને દુરાચારી બની નરકના ભાગી બને છે.

દોષદર્શન અને આંતરખોજનું આ પર્વ છે. આજના દિવસે આપણે જાતને ખોળવાની છે, ભૂલ કોનાથી નથી થતી ? માણસમાત્ર ભૂલને પાત્ર ગણાય છે. આવી ભૂલ કોઈવાર આપમેળે થાય છે, કોઈવાર કર્મબળે થાય છે, કોઈવાર ગેરસમજથી થાય છે. આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ તોય જીવનનાં વ્યવહારમાં કલેશ અને કંકાસ થાય છે. આ બધી ભૂલો કર્મની પાટી ઉપર જરૂર અંકિત થશે, પણ એ વજ્રલેપ બને તે પહેલા એ પાટીને કોરી કરવાનો પ્રયત્ન તે ક્ષમાપના છે.

ભગવાન મહાવીરે એમના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડયું હતું યુગો વીતી ગયા પછી ભગવાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું ત્યારે પૂર્વભવનો શૈય્યાપાલક ગોવાળ તરીકે આવે છે. ભગવાન મહાવીરના બન્ને કાનમાં શૂળ ખોસી દે છે. આ ઘટના બતાવે છે કે વેરનું ઝેર સમયસર ઉતારવામાં ન આવે તો કેવું દારુણ પરિણામ આવે ?

સંવત્સરી પર્વની સાચી સિદ્ધિ સ્વ-દોષ દર્શનમાં છે. ડગલે ને પગલે વેરાયેલા રાગદ્વેષના પંક પાર કરી જવામાં છે. ભૂલો પ્રત્યેની જાગૃતિમાં છે. જો માનવી સમયસર પોતાની ભૂલો અને ભોગો પ્રત્યે જાગ્રત ન થાય તો તેની ઘણી ખરાબ દશા થાય છે એ અસત્યવાદી, વ્યસની, આસક્ત અને હિંસક બની જાય છે.

આમ પર્યુષણના આ દિવસો આંતરખોજના દિવસો છે. માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે. બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી આપણી ઇન્દ્રિયોનું પણ બાહ્યજગત ભણી વિશેષ રહેવું હોય છે, પરંતુ પર્યુષણના દિવસો આત્મનિરીક્ષણના દિવસો છે. વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનું બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઈ જાય છે. વેર વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગેથી પાછા વળવાની વાત છે, તેની ક્ષમા માંગવી, એમની સાથેનો વેર અને વિરોધ તજી દેવો, એટલું જ નહિ પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.

ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી એમ બન્ને ભાવો સમાયેલા છે. કોઈની ક્ષમા માગતા પહેલા માણસને અહંકારના શિખર ઉપરથી નીચે ઉતરવું પડે છે. જે માંગતા મોટાઈ કે નાનાઈ નડે નહિં એનું નામજ મિચ્છામિ દુક્કડં.

卐



# ક્ષમા

કોઈએ ભૂલ કરી....
કોઈનાથી ગલ્તી થઈ ગઈ....
અને સંબંધોમાં દરાર પડી ગઈ !
સંબંધોમાં કડવાશ ભળી ગઈ....
આમ દિવસો વીત્યા....મહિનાઓ પસાર થઈ ગયા....કદાચ વરસો પણ....!....! !
છતાંયે આજે જો એ માણસ તમારી સામે ઉભો છે....ક્ષમા માંગવા માટે !
પોતાની ભૂલ કબૂલવા માટે આવ્યો છે.... તો તમારી ફરજ છે કે બહુ સહજતાથી....સરળતાથી.... એને ક્ષમા કરી દો. ઘણી વખતે માંગનાર માંગે એ પહેલા જો આપી દઈએ તો આનંદ વધે છે.

ગણગણાટ હોઠોની બે પાંદડીઓમાં રસળીને રહે છે....એકનું પણ જુદાપણું ગીતને ગુંગળાવી દેશે.

**ક્ષમા માંગનાર જ નહીં...**
**આપનાર પણ મહાન છે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વ

લેખક : **ચીનુભાઈ સી. શાહ**

**"વીર જીનેશ્વર અતિ અલવેસ;**
**વ્હાલા મારા પરમેશ્વર એમ બોલેરે;**
**પર્વ મહિ પર્યુષણ મોટા,**
**અવર ન નસ આવે તોલે રે."**

ઉપરોક્ત પર્યુષણ પર્વના પર્વની મહત્તાસૂચક ચાર વાક્યોની " મિઠાશ " જ પર્યુષણ પર્વની કલગી છે.

જન્મીને સમજ આવી ત્યારથી કુટુંબ તેમ જ ધર્મના સંસ્કારોથી આપણે ત્યાં બધા ખૂબ જ આનંદ–ઉલ્લાસ અને ધાર્મિક ભાવનાઓ સાથે આ પર્યુષણ પર્વ રૂડી રીતે ઉજવીએ છીએ. અને ઉજવતા રહીશું. આ આપણી અગત્યની ફરજ છે.

આ પર્વ દરમિયાન થતી વિવિધ આરાધનાઓ, તપ, સંયમ, સ્વાધ્યાય, સમાધિ, દાન, જ્ઞાન પ્રાપ્તિ તેમ જ છેલ્લે જગતના સર્વ જીવોને ખમાવવાનું અતિ ઉચ્ચતર કાર્ય દરેક જૈન પોતાની સમજ અને શક્તિ પ્રમાણે કરે છે.

આ વર્ષે આવનાર પર્યુષણમાં જો આપણે થોડાક કઠિન પણ અસંભવ નહિ તેવા કેટલાક વાસ્તવિક નિર્ણયો કરી નિયમો લઇએ અને અનુસરીએ તો મારા મત પ્રમાણે આ પર્વની શોભામાં ખૂબ ખૂબ વધારો થાય. નીચે જે વિચારો દર્શાવવામાં આવ્યા છે. તે રોજબરોજના જીવનને સ્પર્શે છે. તેમાં "ધર્મ" જ છે.

(૧) તપ કરો તેની અનુમોદના કરો તેને ઉજવો, પરંતુ એવો નિર્ણય કરો કે જે રકમ આની પાછળ ખર્ચીએ તેની ૩૦ ટકા રકમ સાધર્મિક સહાય અને અબોલ જીવોના ઘાસ-ચારા વિગેરે માટે ખર્ચીએ

(૨) **મનને દિનપ્રતિદિન નિર્મળ બનાવવા રોજ ઓછામાં ઓછું અડધો કલાક સારૂ વાંચન મનન કરીએ.**

(૩) ધર્મના નિયમો પૈકી શકય હોય તેટલા વધારે જીવનમાં આચરવાનો નિર્ણય કરીએ.

(૪) જગતના સર્વ માનવીઓ, પશુપંખી તેમજ વનસ્પતિ, ફુલ, ઝાડ દરેક પ્રત્યે અનુકંપાથી જોઇએ અને તે જ ભાવથી તેનો આદર કરીએ.

(૫) "કુટુંબ"માં દુઃખને બાજુએ રાખી "કુટુંબ" બહાર મદદ દાન કરવાનું બંધ કરીએ.

(૬) બીજાની સાથેની દરેક વાતચીતમાં "આપણાં બોલ"થી સામાને આઘાત, દુઃખ કે ગ્લાનિ ના થાય તેવા "બોલ" બોલવાની પદ્ધતિ અનુસરીએ.

(૭) આપણને બે ચીજ ખૂબ ખોટા રસ્તે લઈ જાય છે (૧) અહમ (૨) જીભ સારા કાર્યોની વ્યવસ્થા કરવામાં પણ 'અહમ'ના કારણે કેટલીકવાર આપણે અવરોધક બનીએ છીએ. જે વાત "મીઠાશ"થી કહી શકાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને 'કરુણા'થી ઓળખીએ છીએ. આ બંનેમાં નુકસાન આ કરનારને થાય છે. સામાને નહિ. માટે આપણું આ નુકસાન ન થાય તેનું ધ્યાન રાખીએ.

(૮) રોજ એક સારૂ કામ થાય શક્તિ મુજબ, બુદ્ધિ મુજબ એનો ખ્યાલ રાખીએ. દા. ત. કોઈને રસ્તો બતાવવો, કોઈને સાંત્વન આપવું, કોઈને જરૂર હોય અને આપણી શક્તિ હોય તો પ્રેમભાવે મદદ કરવી, કોઈ ખોટું કરતો હોય તો સમજાવટથી તેમ કરતા રોકવો વિગેરે વિગેરે.

(૯) કોણ જાણે કેમ જગતનો શિખરનો ધર્મ આપણે આપણા કમભાગ્યે યોગ્ય રીતે બજાવતા નથી તેની ઉપેક્ષા કરીએ છીએ ઘરડા માબાપની સંભાળ-સેવા તેમજ તેમનો આદર-જીવિત હોય તો કાર્યોથી અને સ્વર્ગસ્થ હોય તો પણ રોજ તેમને યાદ કરીને "વંદન" કરીને કહીએ, આ ધર્મ ચુકનારે કરેલા તમામ ધર્મ કાર્યોને "Zero" શૂન્ય થઈ જાય છે. તે સલાહ દુનિયાના તમામ ધર્મોએ બતાવેલ છે.

(૧૦) ઉગતી પેઢીના શા હાલ થશે તેની ખૂબ જ ચિંતા છે કારણ કે આપણી જ અંશત અધોગતિ થઈ છે કે આપણા બાળકોને આપેલ માર્ગદર્શન કે બોધ કેટલો સફળ નિવડે? માટે આ મોટી લાલબત્તી છે. બાળકોને તરછોડો નહિ. પ્રેમ કરો, વ્હાલપ આપો અને તેમની લાગણીઓને પિછાની સંતોષો, નહિ તો ભાવિ તેમને વિનાશ તરફ દોરી જશે.

(૧૧) આટલું કદાચ તેનાથી થોડુંક ઓછું પણ આપણે કરી શકીશું તો **"મિચ્છામિ દુક્કડં"** સાચા નિવડશે.

(માનવી)

## તમે ક્ષમા કરી દો છો...
## તમે માફ કરી દો છો...

અપરાધી અને ગુનેગારના પ્રત્યે સહજ કરુણાના નીર વહાવો છો....

આનાથી કદાચ તમને અમુક લોકો કમજોર સમજે.... નબળા માને...તો મનમાં ને મનમાં અકળાતા નહીં! ક્ષમા નબળાઈ નથી.... એ તાકાત છે! સહુથી મોટું બળ છે ક્ષમા!


જો આનો ઉપયોગ સાચી રીતે....સાચી જગ્યાએ કરવામાં આવે તો! ક્રોધ જો સર્વ શક્તિમાન હોત અને ક્ષમા નિર્બળ.... બિન અસરકારક હોત તો પૃથ્વી પર આટલા યુદ્ધો થયા પછી તમામ સમસ્યાઓનો હલ આવી જાત! પણ ના! યુદ્ધથી સમસ્યા નથી તો ગઈકાલે હલ થઈ છે કે નથી આવતીકાલે હલ થવાની!

**ક્ષમા**

પર્યુષણ મૈત્રીની મોસમ છે, મૈત્રીનો મહોત્સવ છે. જીવનમાં મૈત્રીનો માંડવો બાંધો, પ્રમોદનાં તોરણ બાંધો, કરુણાનાં દીપ પેટાવો અને માધ્યસ્થ ભાવનાનાં સાથિયા પૂરો. મૈત્રીનો હાથ લંબાવો, સમસ્ત જીવોને મિત્ર બનાવો. હૈયેથી કષાયની કાળાશને ધોઈ નાંખો, આત્માના સૌંદર્ય પ્રગટાવો, પર્યુષણ પર્વની, મેળવવાની છે. હૈયામાંથી વૈરભાવને વાળીઝુડીને સાફ કરવાનો છે. ભૂલોને ભૂલજો અને ભૂલેલાને માફ કરજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવદયા પ્રેમી ગીતાબેનને ભાવભરી શ્રદ્ધાંજલી

ઓગષ્ટ મહિનાની ૨૭મી તારીખને શુક્રવારે બપોરનો સમય હતો. અમદાવાદના ભદ્રવિસ્તાર સમાં આંબાવાડીનાં સી. એન. વિદ્યાલય બહાર પસાર થઈ રહેલી રીક્ષા જે હજુ થોડી વાર પહેલાં જ નિર્દોષ વાછરડાંઓને પાંજરાપોળ મૂકીને પાછી વળી રહી હતી.

ત્યારે એક ગમખ્વાર ઘટના બની ગઈ તેમાં અ. ભા. હિંસા નિવારણ સંઘના માનદ્ ઇન્સ્પેકટર શ્રીમતી ગીતાબેન શાહ જેઓ રીક્ષા (લોડીંગ)માં બેઠાં હતાં. ત્યાં સ્કૂટર પર આવેલ શખ્સોએ રીક્ષાને આંતરીને ગીતાબેન પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો અને જે પરિણામ આવ્યું તેનાથી આપણે સૌ માહિતગાર છીએ.

મધ્યપ્રદેશના જબલપુર ગામે જન્મેલ શ્રીમતી ગીતાબેન બચુભાઈ શાહ એક બાહોશ સન્નારી હતાં. ઈ. સ. ૧૯૮૬ના નવેમ્બર મહિનાની ૩૧મી તારીખે તેઓ અ. ભા. હિં. નિવારણ સંઘના પશુ અટકાયત મોરચામાં જોડાયા, પ્રથમ છ માસમાં જ કર્તવ્યનિષ્ઠા દાખવી પોતાની શક્તિનું પ્રદર્શન કરાવનાર ગીતાબેનને સંસ્થાના પ્રધાનમંત્રી અને પશુ અટકાયત મોરચાના સર–સંચાલક ડો. સુરેશભાઈ ઝવેરી દ્વારા ચીફ માનદ્ ઇન્સ્પેકટરનો હોદ્દો અર્પણ કરવામાં આવ્યો અને આવાં ઉમદા કાર્યની સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી. જે જવાબદારી મૃત્યુના અંત સુધી તેમણે બજાવી.

શ્રીમતી ગીતાબેનની પ્રામાણિકતા, નીડરતા કાર્યદક્ષતા અને સમર્પણતાનું વર્ણન શબ્દોમાં કરવું શકય નથી, પણ અલ્પાંશે એમની કાર્યવાહી પર દૃષ્ટિપાત કરીએ.

તેમની સ્મશાનયાત્રામાં ઉપસ્થિત રહેલ માનવ–મેદની એમની આગવી પ્રતિભાની ઝાંખી કરાવે છે.

પોતાના કાર્ય બાબતે નીડર એવા ગીતાબેન કૌટુંબિક જીવનમાં સ્ત્રી સહજ કોમળ લાગણી ધરાવતાં હતાં. અબોલ પશુઓ માટે વિશિષ્ટ લાગણી હોવાને લીધે જ્યારે જ્યારે પણ તેમને ફોન પર સમાચાર મળે ત્યા તેઓ રાત–દિવસ જોયા વગર તે જગ્યાએ રેડ પાડી અબોલ જીવોને બચાવતાં.

કસાઈઓનો સામનો કરી તેને પોલીસ સ્ટેશને લઈ જઈ કાનૂની કાર્યવાહી કરી જીવોને પાંજરા-પોળ મુકાવતાં. આમ કરતાં ગેરકાનૂની કતલખાનાં ચલાવનાર કસાઇઓ તેમના પર ખફા રહેતા,

આ "ગીતાબેન શાહ" અહિંસાના ભેખધારી અબોલ જીવોના રક્ષણહાર હતાં.

શ્રીમતી ગીતાબેનને આ કાર્ય માંટે ઘણીવાર રાત્રી પણ બહાર વીતાવવી પડતી. પોતાની સાથે પાંચ–છ કાર્યકર ભાઈઓને લઈ જીપ કે રીક્ષામાં જતાં. પરાકાષ્ઠા તો એ હતી કે તેમના નાનકડા ત્રણ મહિનાના દીકરા ચૈતન્યને તથા દસ વર્ષની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીકરી તોરલને રાત્રે સુવડાવી જીવ છોડાવવા જતાં અને ત્યારે હૈયે એક જ વાત પડઘાતી કે ક્યાંક જો હું ન પહોંચી શકુ તો નિર્દોષ વાછરડાં કપાઇ જશે. પશુ ભાંભરીને મને યાદ કરતાં હશે. આમ મનોમન વિચારી પોતાનાં બાળકોને સૂતા મૂકી વાછરડાંને બચાવવાં ચાલી નીકળતાં.

અમદાવાદથી ઇન્સ્યુલેટેડ કરેલ બંધ વાહનમાં વાછરડા. પાડાં વગેરે કાપી મુંબઈ તથા અન્ય શહેરોમાં લઈ જવાતાં ત્યારે હાઈવે પર જઇ ટ્રકને જપ્ત કરતાં.

ટ્રકમાં લઈ જવાતાં ઢોરોની હાલત કફોડી થતી. કારણ કે એક ટ્રકમાં ૫૦ થી ૬૦ ઢોરોને ઠાંસી-ઠાંસીને ભરવામાં આવતાં. એ ભૂખ્યાં ઢોર હલન-ચલન ન કરી શકતાં, કોઇક પશુની પીઠ ટ્રક સાથે ઘસાતાં શરીરમાંથી માંસના લોચા દેખાતા અને આંખમાંથી અશ્રુધારા વહેતી હોય ત્યારે મોઢા પર યાચના હોય કે પ્રભુ હવે તો તું ઉગારી લે અને તે ક્ષણે એકાએક ગીતાબહેન દયાની દેવી સ્વરૂપે હાજર થઇ જતાં.

જ્યારે જ્યારે આવી ટ્રકો પકડાય ત્યારે ગીતાબેન તથા સહકાર્યકરો ટ્રકને પોલીસ સ્ટેશન લઇ જઇ પોલીસ કાનૂની કાર્યવાહી કરે તે દરમ્યાન જ ઢોરોને ડોલ ભરીભરીને પાણી પીવડાવે ત્યારબાદ પાંજરાપોળ લઈ જઈ ઘાસ તથા જરૂરતમંદ ઢોરોને ગોળ, ખોળ કે તેલ આપે, પાટાપિંડી કરાવે.

પશુપ્રેમી ગીતાબેન, કૌટુંબિક જીવનમાં પણ કાળજીવાળાં હતાં. પોતાની દસ વરસની દીકરીને મીડીયમ ઈંગ્લિશમાં ભણાવવામાં જાતે રસ લેતાં દીકરી તોરલ હંમેશાં ઉચ્ચ ટકાવારી સાથે પાસ થતી.

સંસ્થાના પ્રધાનમંત્રીશ્રી ડો. સુરેશભાઇ ઝવેરીના ઉપકારને તેઓ ક્યારે ભૂલતાં નહીં તેઓ ડો. સુરેશભાઇ ઝવેરીને પિતાતુલ્ય માનતાં તેથી આ ઉમદાકાર્યને વળગી રહ્યાં હતાં.

આખા વર્ષમાં કોઇ રજા નહીં, કોઈ કીર્તિની ભૂખ નહીં, દેખાડો નહીં અને બસ એક જ ધૂન કે અબોલ પ્રાણીઓની સેવા કરવી.

તેમના પતિશ્રી બચુભાઈ તેમને આ કાર્યમાં પ્રોત્સાહિત કરતા.

આ ક્રૂર હત્યાના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. અને અનેક વેપારીઓએ 'સ્વયંભૂ બંધ પાડયો હતો. આ હત્યાના વિરોધમાં તા. ૩૦મી ઓગષ્ટ ને સોમવારે સમગ્ર અમદાવાદ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. પેટ્રોલપંપ, શાળા, મહાશાળાઓ, બેંકો તથા વેપારીઆલમ સાથે શહેરમાં પાનના ગલ્લા તથા સિંગની લારીવાળા પણ બંધમાં જોડાયા.

ભાવનગરમાં પણ અનેક જૈન સંસ્થાઓ તરફથી 'સ્વયંભૂ' નાની-મોટી, અનેક બજાર બંધ રાખવામાં આવેલ અને સજ્જડ બંધ રહેલ.

અપાયેલા બંધના એલાનને પૂરા ગુજરાતે પ્રતિસાદ આપ્યો હતો. અહિંસાની દેવી પર જ હિંસા આચરીને હત્યા કરવાના ક્રૂર બનાવથી શહેરના બુદ્ધિજીવીઓ અને સમસ્ત પ્રજામાં ભારે આઘાત અને આંચકો અનુભવાયો છે. શહેરની અનેક શાળાઓમાં, વિવિધ જાહેર સ્થળોએ વિરાટ શ્રદ્ધાંજલિ સભાઓ યોજાઈ હતી. અને તેમાં સ્વ. ગીતાબહેનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

વિવિધ સંઘો, સંસ્થાઓ અને સમિતિઓએ આ ક્રૂર બનાવને વખોડી કાઢયો હતો.

જુદાં જુદાં જૈન સંઘો દ્વારા શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી.

અબોલ જીવોનાં તારણહાર સ્વ. ગીતાબહેન શાહને કોટી કોટી વંદન. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે એ જ અભ્યર્થના.

''હિંસાનિવારણ''માંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા તરફથી

## પારિતોષિક મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન

સંસ્કૃત વિષય સાથે એસ.એસ.સી. પરીક્ષામાં ૮૦% કે તેથી વધારે ગુણ મેળવનાર જૈન વિદ્યાર્થી ભાઇ-બહેનને સારા ગુણ મેળવવા બદલ પારિતોષિક સહ અભિનંદન સહ સંસ્કૃત વિષયમાં વિશેષ પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

| ક્રમ | નામ | ઇનામની રકમ |
|---|---|---|
| ૧ | શ્રી કુ. નેહાબેન શશીકાન્તભાઈ દોશી | ૧૦૧-૦૦ |
| ૨ | શ્રી કુ. જલ્પાબેન જયસુખલાલ ઝાંખરા | ૮૧-૦૦ |
| ૩ | શ્રી વિરલ હસમુખરાય મોદી | ૮૧-૦૦ |
| ૪ | શ્રી કુ. હીના સુરેશચન્દ્ર પારેખ | ૫૧-૦૦ |
| ૫ | શ્રી નિરવ અનિલકુમાર દોશી | ૫૧-૦૦ |
| ૬ | શ્રી મૌલિક જીતેન્દ્રકુમાર શાહ | ૫૧-૦૦ |
| ૭ | શ્રી કુ. જયની વસંતરાય પારેખ | ૫૧-૦૦ |
| ૮ | શ્રી પૂર્વાંશ ભૂપેન્દ્રભાઇ શાહ | ૫૧-૦૦ |
| ૯ | શ્રી મિતેશ પ્રવીણચંદ્ર શાહ | ૫૧-૦૦ |
| ૧૦ | શ્રી કુ. વિભા કાન્તિલાલ શાહ | ૫૧-૦૦ |
| | કુલ રૂા. | ૬૨૦-૦૦ |

આ ઉપરાંત ચાલુ સાલે ઉચ્ચ અભ્યાસ કરતા કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને કુલ રૂા. ૩૮૦૦-૦૦ સ્કોલરશીપ સભા તરફથી અપાયેલ છે.

# શોકાંજલિ

શ્રી હકમચંદભાઈ શામજીભાઈ દોશી (ચભાડીયાવાળા) ઉં. વ. ૭૪ ભાવનગર મુકામે સ્વર્ગવાસ થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ખુબજ માયાળુ પ્રેમાળ સ્વભાવના અને ખુબજ ધાર્મીક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેઓશ્રીના અવસાનથી સભાએ ઉંડા દુઃખની લાગણી અનુભવી છે. નિષ્ઠાવાન અને પ્રમાણિક માણસની ખોટ કદી પુરાવાની નથી, તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સમવેદના પ્રગટ કરીએ છીએ. પરમાત્મા તેમના આત્માને પરમ શાંન્તિ આપે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

— શ્રી જૈન આત્માનંદ સભા-ભાનવગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd No. GBV. 31



# ક્ષમાપના

જેની પાસે ક્ષમા !
એની કિર્તિ વિશ્વમાં કાયમી જમા !

*

ક્ષમા વિના તપ જપ જે કરશે,
ફોગટ તે ભૂખે રહી મરશે,
ક્ષમા વિના કાજ નહિં સરશે,
ક્ષમા કરો ક્રોધ દૂર ટાળી !

*

શત્રુ નથી સંસાર સમ,
મિત્ર નહી સમ જ્ઞાન ।
ભાગ્ય નથી વૈરાગ્ય સમ,
નથી ક્ષમા સમ દાન ॥

*

ક્ષમા કરવી ઉત્તમ છે તેનાથી
ઉત્તમ અપરાધને ભૂલી જવો તે છે.
'ભૂલ કરવી મનુષ્ય સ્વભાવ છે.
ક્ષમા કરવી દૈવી ગુણ છે.'

પ્રતિ,

BOOK POST

From.
શ્રી આત્માનંદ પ્રકાશ
૦. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧.

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only